SAMVAD E-JOURNAL
ISSN (Online) :2583-8334
(International Peer-Reviewed Refereed Journal) Volume 3, Issue-5, Oct-Nov-Dec : 2025
Published by Rangmati Publication https://www.rangmatipublication.com

# 'ભગિની ભાષાઓમાં નરસિંહ'

ડૉ. કપિલાબેન ગોસ્વામી

- **પ્રસ્તાવના**

દેશ અને કાળના સીમાડાઓ વટાવી વૈશ્વિક ફલક પર ખ્યાતિપ્રાપ્ત પરમ વૈષ્ણવ, સંત અને ભક્તકવિ નરસિંહ મહેતા લોકમાં ચિરંજીવ સ્થાન પામ્યા છે. નિર્મળ, નિસ્પૃહ, નિષ્કામ ભક્ત વ્યક્તિત્વ તેમજ પ્રેમભક્તિ, ઉપદેશાત્મક અને આત્મચરિત્રાત્મક પદોના સર્જન દ્વારા તેઓ સાહિત્યકારો, શેઠ સાહુકારોથી લઈને છેવાડાના માનવી સુધી હૃદયસ્થ થયા છે. આજે પણ વૈશ્વિક ફલક પર ગુજરાત અને ગુજરાતી ભાષાની એક આગવી ઓળખ નરસિંહથી છે. પરમ વૈષ્ણવની ઉપાધિ મેળવનાર નરસિંહ ગુજરાતી સર્જકોમાં તો હંમેશા આકર્ષણનું કેન્દ્ર રહ્યા જ છે, પણ ગુજરાતની આસપાસના પ્રદેશોમાં પણ નરસિંહ એટલા જ શબ્દસ્થ થયા છે. ગુજરાતી ભાષામાં નરસિંહના સમય બાદ લગભગ દોઢસો-બસ્સો વર્ષ પછી પ્રેમાનંદ, વિષ્ણુદાસ, વિશ્વનાથ જાની, હરિદાસ વગેરે જેવા સર્જકો નરસિંહ ચરિત્ર વિષયક રચનાઓ આપે છે તો ભગિની ભાષાઓમાં પણ નરસિંહ ચરિત્ર વિષયક અઢળક રચનાઓ પ્રાપ્ત થાય છે. ગુજરાતના સીમાડાઓ વટાવી નરસિંહ રાજસ્થાન, મહારાષ્ટ્ર તેમજ વ્રજમાં પણ એટલી જ લોકચાહના મેળવે છે. રાજસ્થાની ભાષામાં નરસિંહ ચરિત્ર વિષયક 'હૂંડી', અને 'મામેરુ' જેવી સાહિત્ય કૃતિઓ પ્રાપ્ત થાય છે તો વ્રજભાષામાં નાભાદાસજી અને મરાઠીમાં મહિપતિ(મહિધર) જેવા સંત મહાપુરુષો પણ નરસિંહને ભારતીય સંતોની સમકક્ષ આદર આપી ભક્તમાળમાં સ્થાન આપે છે. સાહિત્યિક રચનાઓની સાથેસાથે લોકમાં પણ નરસિંહ પૌરાણિક ભક્તો જેટલા જ આદરસ્થ રહ્યા છે. અત્રે ભગિની ભાષામાં પ્રાપ્ત નરસિંહ ચરિત્રમૂલક કૃતિઓ પર એક પરિચયાત્મક અભ્યાસ રજૂ કર્યો છે.

**:- રાજસ્થાની ભાષામાં નરસિંહ**

રાજસ્થાન ગુજરાતની સીમાઓ સાથે જોડાયેલું છે. ગુજરાતની જેમજ રાજસ્થાનમાં પણ નરસિંહ ચરિત્ર લોકવાઙ્ગમયનો એક ભાગ બને છે. નરસિંહની 'હૂંડી' અને 'મામેરું' વિષયક અનેક રચનાઓ રાજસ્થાની ભાષામાં મળે છે. પણ સાહિત્યિક પરિભાષામાં સમાવિષ્ટ કરી શકાય એવી કૃતિઓ- જેઠમલ અને રત્ના ખાતીકૃત 'હૂંડી', વસંત, મીરાંદાસ અને વિરજલાલ શિવકરણ કૃત 'નરસિંહ મહેતા કો માહેરો' વગેરેને ગણાવી શકાય.

- **જેઠમલકૃત 'નરસિંહ મેતા કી હૂંડી'**

પ્રસ્તુત કૃતિનું સંપાદન મંગલા-સાહિત્ય અને સંશોધનમાં શ્રી જેઠાલાલ ત્રિવેદીએ આપ્યું છે. આ કૃતિમાં અંતે કવિએ આપેલા પોતાના પરિચય મુજબ તેઓ રાજસ્થાનનાં નાગપુર(નાગોર)ના નિવાસી છે. સંવત ૧૭૧૦, જેઠ સુદ આઠમને ગુરુવારે આ કૃતિ પૂર્ણ કરી છે. અઢારમી સદીના અંત ભાગમાં પ્રાપ્ત થતી આ કૃતિ પદ કે કડવામાં નહીં પરંતુ ચોપાઈ, દોહરા અને સોરઠા છંદમાં ૭૮ કડીમાં રાજસ્થાની ભાષામાં રચાયેલી છે. કવિએ અહીં હૂંડીનો પ્રસંગ મૂળ કથા પ્રમાણે નિરુપ્યો છે. કૃષ્ણલીલાગાન અને અવતારકથાનું નિરૂપણ અહીં બેવડાય છે. મૂળ કૃતિથી અલગ પડતી એકમાત્ર બાબત એ નોંધી શકાય કે અહીં તીરથવાસીઓના બદલે સાધુજનોનો ઉલ્લેખ છે.

- **રત્ના ખાતીકૃત 'હૂંડી'**

પ્રસ્તુત કૃતિની વાંચના 'મરુ ભારતી', (જાન્યુઆરી, ૧૯૬૧, અંક-૪, પૃષ્ઠ ૧ થી ૩)માં પ્રકાશિત થયેલી છે. કૃતિનો રચના સમય અપ્રાપ્ય છે. નરસિંહની મૂળ કૃતિ સાથે ઘણે અંશે સામ્યતા ધરાવતી આ કૃતિ આશરે ૩૦ કડીમાં રચાયેલી છે. અહીં હૂંડીલેખન પ્રસંગે બબડાટ કરતી પત્નીનો ઉલ્લેખ છે. રાજસ્થાની પરંપરા મુજબ નરસિંહે પત્નીના મૃત્યુ બાદ બીજા લગ્ન કર્યા હતા, એ મુજબ અહીં એ બીજી પત્ની હોવાનું સમજી શકાય. શામળશારૂપે પ્રગટ ભગવાન તીર્થવાસીઓને હૂંડીના સાતસોને બદલે મન પડે એટલા પૈસા લઈ લેવા પણ નરસિંહ પર ખોટા અક્ષેપો ન કરવા કહે છે. આ બંને બાબતો મૂળ કૃતિથી અલગ પડે છે. નાની પણ રસિક એવી આ કૃતિમાં વર્ણનો ખૂબ અલ્પ પ્રમાણમાં છે, પણ સંવાદતત્ત્વને અહીં ઠીક ઠીક અવકાશ આપ્યો છે.

- **મીરાંદાસકૃત 'નરસિંહજી રો માહેરો'**

પ્રસ્તુત કૃતિ રાજસ્થાનમાં ખૂબ પ્રખ્યાત છે. આ રચના પ્રસિદ્ધ ભક્ત કવયિત્રી મીરાંબાઈની હોવાનું મનાય છે, પણ બાદમાં સંશોધકો દ્વારા તર્કો રજૂ કરવામાં આવ્યા છે કે આ કૃતિ ૧૯મી સદીની પૂર્વાર્ધની છે, જે રાજસ્થાનના ભક્ત કવિ મીરાંદાસની છે. જેઠાલાલ ત્રિવેદી દ્વારા સંપાદિત આ કૃતિ રાજસ્થાન પ્રાચ્ય વિદ્યામંદિર પ્રતિષ્ઠાન દ્વારા ઈ.સ.૧૯૭૨માં પ્રકાશિત કરવામાં આવી છે.

પ્રસ્તુત કૃતિનો કથાવિકાસ પ્રેમાનંદની પરંપરા પ્રમાણે વિશેષ થયેલો જોવા મળે છે. ઘણી પંક્તિઓ પણ પ્રેમાનંદની કૃતિ સાથે યથાતથ સામ્ય ધરાવે છે. જેમ કે,

મીરાંદાસ- 'સાસુ મન કરુણા થઈ, નિજ સ્વામીને જઈ વાર્તા કહી;' (પં..૭૯)

પ્રેમાનંદ- 'સાસુને મન કરુણા થઈ, નિજ સ્વામીને જઈ વાત કહી;' (નં.૯૭)

આવી ઘણી પંક્તિઓ સમાન રીતે અહીં ઉતારાઈ હોવાનું પણ જણાય છે. પણ, કૃતિ મૂળ રાજસ્થાની પરંપરાની હોય, ઘણા અંશો અલગ તરી આવે છે. જેમ કે, નરસિંહના પૂર્વજીવનની કથા આપી ભક્ત પીપાના જીવનપ્રસંગ સાથે જોડી દેવાયા છે. જોકે, આ કથા અસ્પષ્ટ છે. કુંવરબાઈ (અહીં જેનું નામ કવરી છે)ના સસરાનું ગામ સુદામાપુરી છે. કુંવરબાઈને સુલછા નામે પુત્રી થઈ અને એના લગ્ન પ્રસંગે મોસાળુ ભરવાનું છે. નરસિંહની એક પત્ની મૃત્યુ પામી છે અને અહીં કુંવરબાઈની અપરમાતા છે. જેનો ઉલ્લેખ પ્રેમાનંદ પછીની પરંપરામાં ગુજરાતીમાં પણ છે. નરસિંહને ત્યાર પછી બે પુત્ર થાય છે અને પર્વત પર પૂર્ણકુટી બાંધીને રહે છે. મામેરાની યાદી કુંવરબાઈના દિયર નારાયણદાસ કરે છે. ખોખલા પંડ્યાનું નામ અહીં કોકિલ્યો છે. અહીં 'હાર' અને 'ઝારી'ના પ્રસંગો પણ વણી લેવાયા છે. કૃતિ એકંદરે ગુજરાતી અને રાજસ્થાની પરંપરાનું મિશ્રણ છે. કેટલાંક નિરૂપણો અપ્રસ્તુત અને અસ્પષ્ટ છે. ઘણાં વર્ણનો અહીં બેવડાય છે. પણ, રાજસ્થાની ભાષાની એક વિસ્તૃત કથા તરીકે કૃતિ નોંધપાત્ર છે.

- **વસંતકૃત 'નરસીજી રો માહેરો'**

જેઠાલાલ ત્રિવેદી દ્વારા સંપાદિત પ્રસ્તુત કૃતિનું પ્રકાશન રાજસ્થાન પ્રાચ્ય વિદ્યા પ્રતિષ્ઠાન દ્વારા ૧૯૭૨માં કરવામાં આવ્યું છે. પ્રાપ્ત હસ્તપ્રતોના આધારે સંપાદક આ કૃતિને વિક્રમ સંવતની ૧૯મી સદીના પૂર્વાર્ધની ગણે છે. પ્રેમાનંદની પરંપરા સાથે સામ્ય ધરાવતી આ કૃતિ પણ રાજસ્થાની અને ગુજરાતી પરંપરાનું મિશ્રણ છે. ૨૪ પદ અને ૧૨૦ ચરણની આ કૃતિના કેટલાક આગવા અંશો પણ છે. નરસિંહની પુત્રીના નામનો અહીં ઉલ્લેખ નથી. ભગવાનને છપ્પનભોગ ધરાવાનો પ્રસંગ અહીં ઉમેરાયો છે. પદમાલામાં રચાયેલી આ કૃતિમાં કવિ વસંતને બહુ વિશેષ ફેરફારો કરવાની જરૂર જણાઈ નથી.

- **વિરજલાલ શિવકરણ કૃત 'નરસિંહ મહેતા કો માહેરો'**

પ્રસ્તુત કૃતિ રાજસ્થાની કવિ રત્ના ખાતી દ્વારા રચાઇ હોવાનું મનાતું આવ્યું છે. પરંતુ કૃતિના કવિના કહેવા પ્રમાણે-

'દ્વિજ ગણેશ સીકર તણો, આદિ ગૌડ કુલસાર,<br>
કંઠ હુતો જિનકે જિતો, સુણતે લયો ઉતાર.<br>
કછુ પર નયે બસાયકર, અગલે દયે સુધાર,<br>
નયે મિલાયે અંતરે, અશુભ દયે સબ ટાર.<br>
દોહા સકલ નયે નયે, કરું સોરઠા નવીન,<br>
ગુણીજન ગાયને ભક્તિ હરિ, સબહિં રસિક કરલીન.'

ઉપર્યુક્ત પંક્તિઓ પરથી કવિએ સીકરના ગણેશના કંઠેથી આ કથા સાંભળી સુધારોવધારો અને ઉતારો કરી નવી કૃતિ બનાવી હોવાનું અનુમાન મળે છે. ડૉ. પ્રભાત આ કૃતિ હસ્તપ્રતોમાં આવતા શિવકરણ નામોલ્લેખને આધારે વિરજલાલ શિવકરણની હોવાનું નોંધે છે અને એના આધારે રચના વર્ષ વિક્રમ સંવત ૧૯૨૫ દર્શાવી કૃતિને અર્વાચીન ગણાવે છે.

દુહા, સોરઠા, ચોપાઈ અને પદોના ૧૦ પ્રકરણોમાં વહેંચાયેલી પ્રસ્તુત કૃતિમાં મૂળ કથા કરતાં અનેક ફેરફારો અને ઉમેરાઓ થયેલા જોઈ શકાય છે. જેમ કે, નરસિંહ ધનવાન છે, શિવભક્ત છે, તેને બે પત્નીઓ છે, ભાભીના મહેણાથી નહીં પરંતુ સાધુ-સંતોના સંપર્કે નરસિંહ વિરક્ત બને છે અને પોતાનું બધું દ્રવ્ય લૂટાવી દે છે, નરસિંહની દીકરીનું નામ રાજસ્થાની પરંપરામાં નાનીબાઈ મળે છે જે પ્રમાણે અહીં નાનીબાઈના સીમંત અને મામેરાની વિધિના પ્રસંગો

રાજસ્થાની પરંપરા પ્રમાણે મળે છે, સમોવણ પહેલાં કુંવરબાઈની નણદીની દીકરી ડૂબી જાય છે જેને નરસિંહ જીવતી કરે છે એવો એક ચમત્કારનો પ્રસંગ અહીં ઉમેરાયો છે, નાનીબાઈ નભાઈ છે એવું બતાવ્યું છે પણ નરસિંહના પુત્રના મૃત્યુનો ઉલ્લેખ સ્પષ્ટપણે થયો નથી. આમ, મૂળ કથાવસ્તુ સાથે સુસંગતતા ધરાવતી આ કૃતિમાં નરસિંહના જીવન પ્રસંગો નવીન ઘટનાઓ અને પ્રસંગો ઉમેરી વિસ્તારપૂર્વક વર્ણવવામાં આવ્યા છે.

**:- વ્રજભાષામાં નાભાજી કૃત 'ભક્તમાળ'માં નરસિંહ ચરિત્ર**

રામાયણ, મહાભારત અને ભાગવત્પુરાણાદિ ગ્રંથોના અનેક ભક્તરત્નો તેમજ કળિયુગના કેટલાક પરમ સમીપે પહોંચેલા ખ્યાતનામ સંતો-ભક્તોનાં ચરિત્રોને સુંદર કાવ્ય સ્વરૂપે એકસૂત્રે ગૂંથી પોતાની આગવી સૂઝથી નાભાજીએ વ્યવસ્થિતરૂપે 'ભક્તમાલ' તૈયાર કરી છે. સંવત ૧૬૪૯માં પોતાની 'ભક્તમાલ' રચનામાં સંતોના આશિષ અને ઐતિહાસિક ભક્તોના આશીર્વાદ મળે એ હેતુથી વૃંદાવનમાં સંતસંમેલનનું વિશાળ આયોજન કર્યું હતું. જેમાં ગોસ્વામી તુલસીદાસજી પણ હાજર હતા. શ્રી મૂળશંકર કેવલિયાના મતે ત્યારબાદ સંવત ૧૬૫૨માં નાભાજીએ 'ભક્તમાલ' રચવાનો આરંભ કર્યો હશે અને જેમજેમ માહિતી મળતી ગઈ તેમ તેમ ભક્તોનાં ચરિત્રો છંદ-છપ્પામા રચતા જઈ સંવત ૧૬૯૦માં 'ભક્તમાલ' પૂરી કરી હશે.

નાભાજી દ્વારા તૈયાર કરવામાં આવેલી આ ભકતમાલનું ઉત્તર ભારતમાં ખૂબ મહત્ત્વ છે. આ પવિત્ર ગ્રંથમાં પ્રથમ ટીકાકાર પ્રિયાદાસજીએ ભક્ત નરસિંહ માટે ૨૭ કવિતો કર્યા છે, જે બીજે ક્યાંય પણ આપ્યાં નથી. પરંપરામાં પ્રાપ્ત નરસિંહની વિગતો કરતા અહિ કેટલીક અધિક વિગતો નાભાજીએ આપી છે. જેમ કે, નાનપણથી મૂંગા નરસિંહનો દાદીમાં જયકુંવરી દ્વારા ઉછેર અને હાટકેશ્વરનાં મંદિરમાં મહાત્માજીના આશીર્વાદે નરસિંહને વાચા ફૂટવી, રા'મંડલિક બાદશાહ હુમાયુને આધીન હતા, ભાભીએ પાણી ભરી આપવાની ના પાડતા નરસિંહનો ગૃહત્યાગ, નરસિંહને કુંવરબાઈ અને રતનબાઇ એમ બે પુત્રીઓ હોવાની વાત, ભગવાન કુંવરબાઈનું મામેરું નહીં પણ અહીં ઝિયાણું પૂરે છે, કુંવરબાઈ સ્વસુરગૃહ ત્યાગી પિતાના ઘરે રહેવા આવતા રહે છે, રતનબાઇ અવિવાહિત છે વગેરે... આમ, નરસિંહને બાવન વખત કૃતાર્થ કરનાર ભગવાનના મહિમા નિમિત્તે અહીં નાભાજીએ નરસિંહ વિશે 'હરિ અનંત હરિ કથા અનંતા' એમ નરસિંહનાં ભક્ત ચરિત્રને અનંત કહ્યું છે. ભક્તમાલમાં નાભાજીએ નરસિંહને ભાગવત્ શિરોમણિ ભક્ત તરીકે પૂજનીય સ્થાન આપ્યું છે.

**:- મરાઠી ભાષામાં મહિધરકૃત 'ભક્ત વિજય' ગ્રંથમાં નરસિંહ ચરિત્ર**

ગીતાપ્રેસ ગોરખપુર દ્વારા પ્રકાશિત મહિપતિ(મહીધર) કૃત 'ભક્ત વિજય' ગ્રંથ મરાઠી ભાષામાં ઓવી છંદ સ્વરૂપ રચનામાં લખાયો છે. પ્રસ્તુત ગ્રંથમાં કુલ ૫૮ અધ્યાયોમાં ભારતીય સંત મહાપુરુષોનાં જીવનચરિત્રો સમાવિષ્ટ કરવામાં આવ્યાં છે. પ્રસ્તુત ગ્રંથમાં ૨૭ થી ૩૦ એમ કુલ ચાર અધ્યાયોમાં નરસિંહ મહેતાના જીવન પ્રસંગોને વર્ણવવામાં આવ્યા છે.

૨૭માં અધ્યાયમાં કુલ ૧૫૮ પંક્તિઓમાં નરસિંહ જીવન પરિવર્તનની ગૃહત્યાગની ઘટનાનું વર્ણન કરવામાં આવ્યું છે. ભાભીનાં મહેણાથી ગૃહત્યાગ, ભગવાન શિવનું પ્રસન્ન થવું, કૃષ્ણલીલાના દર્શન, આત્મજ્ઞાન મેળવી ઘરે પાછા ફરવું વગેરે જેવી નરસિંહની પરંપરાગત જીવનકાથાનું અહીં વર્ણન કરવામાં આવ્યું છે. આ અધ્યાયમાં ભગવાન શ્રીકૃષ્ણની લીલાનું વર્ણન ભાગવત્ પુરાણ પ્રેરિત થયેલું જોઈ શકાય છે.

અધ્યાય ૨૮માં ૧૫૩ પંક્તિમાં નરસિંહના પુત્રના વિવાહનો પ્રસંગ નિરૂપ્યો છે. અહીં નરસિંહના પુત્રનો નામોલ્લેખ મળતો નથી. વેવાઈનું નામ ત્રિપુરાંતક અને બ્રાહ્મણનું નામ કૃષ્ણ ભટ્ટ મળે છે. કથાવસ્તુ નરસિંહ અને પ્રેમાનંદની કૃતિ અનુસાર ક્રમબદ્ધ ચાલે છે. નરસિંહની પત્ની, પુત્ર કે પુત્રવધુના નામોનો પણ અહીં ઉલ્લેખ નથી.

અધ્યાય ૨૯માં ૧૫૪ પંક્તિમાં નરસિંહ જીવનનો હૂંડીનો પ્રસંગ વર્ણવાયો છે. અહીં કથાવસ્તુ નરસિંહની હૂંડી પ્રમાણે ચાલે છે. અલગ પડતી વિગતોમાં દ્વારિકામાં ભગવાન શામળશા શેઠને બદલે સાવલસા શેઠ એવું નામ ધારણ કરી હૂંડી સ્વીકારે છે. તીરથવાસીઓને બદલે અહીં બ્રાહ્મણોનો ઉલ્લેખ થયો છે.

અધ્યાય ૩૦માં ૯૨ પંક્તિઓમાં કુંવરબાઈનાં મામેરાનો પ્રસંગ વર્ણવાયો છે. અહીં ભગવાન બ્રાહ્મણ વેશ ધરીને મામેરું પૂરવા આવે છે. મામેરાના પ્રસંગની સાથે જ અંતની થોડી પંક્તિઓમાં હારનો પ્રસંગ પણ ટૂંકમાં આવરી લેવાયો છે. અહીં રાજાનું નામ રા'મંડલિકને બદલે મંડુકરાય આપ્યું છે.

આમ, મહિપતિએ નરસિંહ મહેતાનાં જીવનના પ્રસિદ્ધ એવા મુખ્ય ચાર ચમત્કારના-ભગવદ્ કૃપાના પ્રસંગો પોતાના આ ગ્રંથમાં આપી નરસિંહનાં ચરિત્રને ભારતીય સંત ચરિત્રોની સમકક્ષ સ્થાન આપ્યું છે.

**:- ઉપસંહાર**

સંત-ભક્ત કવિ નરસિંહ મહેતાનો મહિમા માત્ર ગુજરાતી ભાષામાં જ નહીં પણ ગુજરાતના સીમાડાઓ વટાવી ભગિની ભાષાઓમાં પણ ખૂબ ગવાયો છે. રાજસ્થાની, મરાઠી અને વ્રજ ભાષામાં નરસિંહ ચરિત્ર જોવા મળે છે એ સાથે જ દાદુપંથી રાઘવદાસ, દયાળદાસ, સુખરામદાસની 'વૈષ્ણવ ભક્તમાળાઓ'માં તેમજ ધ્રુવદાસ કૃત 'ભક્તમાળ'માં પણ નરસિંહના ઉલ્લેખો મળે છે. નરસિંહ ચરિત્ર લોકમાં પણ ખૂબ ગવાયું હોય એ 'લોક સંત' તરીકે પણ સ્થાન મેળવે છે. આ કંઠોપકંઠ પરંપરાને લીધે પણ નરસિંહના ચરિત્ર વિષયક અનેક દંતકથાઓ અને માન્યતાઓનુ ભરણું થયેલું જોઈ શકાય છે. ગુજરાતી પરંપરામાં મામેરાનો વિધિ લગ્ન પ્રસંગોએ જ આવે છે. ગુજરાતી ભાષામાં મળતા બધી જ મામેરાની કૃતિઓમાં કુંવરબાઈના સીમંત પ્રસંગે જ મામેરાનો ઉલ્લેખ છે જ્યારે રાજસ્થાની પરંપરામાં મળતા મીરાંદાસ અને રતના ખાતીકૃત 'મામેરા'ની કૃતિઓમાં કુંવરબાઈની દીકરીના લગ્ન પ્રસંગે મામેરું પુરવાનો વિધિ આવે છે. આ સાથે જ નરસિંહનાં ચરિત્ર વિષયક તેમજ પત્ની, પુત્ર, પુત્રી, ભાઈ, વેવાઈ વગેરેનાના નામોમાં પણ ભિન્નતા જોવા મળે છે. આવું જ નાભાજીકૃત ભક્તમાળમાં પણ જોવા મળે છે. મહિપતિ(મહિધર)ના ગ્રંથમાં આવી વિષમતા બહું જૂજ માત્રામાં જોવા મળે છે. 'ભક્તમાળ' અને 'ભક્ત વિજય' બંને ગ્રંથોમાં ભક્ત ચરિત્ર નિમિત્તે ભગવદ્ મહિમા ગાવાનો હેતુ વિશેષ રૂપે નોંધનીય બને છે. આ બંને સંત કવિઓ નરસિંહ મહેતાને પૌરાણિક સંતોની કક્ષાએ મૂકી પૂજનીય સ્થાન અર્પે છે. પ્રસ્તુત કૃતિઓમાં કૃષ્ણલીલા, ભક્તો ઉગાર્યાના પ્રસંગો, અવતાર લીલાઓ, પહેરામણી વિધિ અને વસ્ત્રાલંકારો વગેરેના વર્ણનો મોટેભાગે નરસિંહની કૃતિ પ્રમાણે જોવા મળે છે.

આમ, કહી શકાય કે નરસિંહ મહેતા માત્ર ગુજરાત જ નહીં પણ સમગ્ર ભારત વર્ષમાં એક મહિમાંવંત સંત-ભક્ત તરીકે સ્થાન પામ્યા છે. એના જીવનના ભગવદ્ મહિમાના પ્રસંગો એટલા લોકપ્રિય બન્યા છે કે એમાં સ્થળ-કાળ-સમય પ્રમાણે થોડા થોડા ફેરફારો સાથે સર્જકો એમનું મહિમામંડન કરવા માટે આકર્ષિત થતા રહે છે. અંતમાં ડૉ. મનોજ રાવલ સાહેબના શબ્દોમાં કહીએ તો, "આપણા ગુજરાતમાં તો પ્રેમાનંદ, વિષ્ણુદાસ કે અન્ય આખ્યાનકારો નરસિંહ મહેતાનાં જીવન વિશે રચનાઓ આપે જ છે, પણ ૩૦૦ વર્ષ થયા ભગિની ભાષામાં નરસિંહ વિશે જે રચનાઓ કે ઉલ્લેખો પ્રાપ્ત થાય છે, તે તેના જીવન અને કવનના મહિમાને સ્થાપિત કરે છે."

- **સંદર્ભ ગ્રંથો**


૧. ગુજરાતી સાહિત્યનો ઇતિહાસઃ ગ્રંથ-૨, ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ, પ્ર. આ.૧૯૭૬

૨. 'હૂંડી', મંગલા સાહિત્ય અને સંશોધન, સં. જેઠાલાલ ત્રિવેદી, પ્ર. આ. ૧૯૭૯, પૃ. ૧૭૭ થી ૧૮૬

૩. 'હૂંડી', મરુ ભારતી, અંક-૪, જાન્યુઆરી-૧૯૬૧, પૃ. ૧ થી ૩

૪. 'નરસીજી રો માહેરો', સં. જેઠાલાલ ત્રિવેદી, પ્ર. રાજસ્થાન પ્રાચ્ય વિદ્યા પ્રતિષ્ઠાન, ૧૯૭૨

૫. 'નરસિંહ મહેતા કો માહેરો', રાજસ્થાની પત્રિકા, એપ્રિલ-૧૯૪૦

૬. નાભાજીકૃત ભક્તમાલના ઐતિહાસિક ભક્તો-એક અધ્યયન, શ્રી મૂલશંકર હીરજી કેવલિયા, પ્ર. પ્રાચ્ય વિદ્યામંદિર, વડોદરા, પ્ર.આ. ૧૯૮૮

૭. गोस्वामी श्री नाभाजी कृत 'श्रीभक्तमाल', प्रकाशक तेजकुमार-प्रेस, बुक डिपो, लखनऊ, पृ. ६७३-६९४

૮. श्री भक्तविजय, महिपतिबुवा ताहराबादकर, गीताप्रेस, गोरखपुर, पृ.१०६-११८

૯. પશ્ચિમ ભક્તિ સાહિત્ય, પ્રવાહ અને નરસિંહ મહેતા, અભ્યાસ લેખ, ડૉ. મનોજ રાવલ, જામજોધપુર